અહેવાલ સભાગૃહમાં રજૂ થયા

તારીખ:-૨૪/૦૩/૨૦૨૬

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## પાંચમો અહેવાલ

### નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

### (પાણી પુરવઠા પ્રભાગ હેઠળ અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની તપાસ)

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર**

**૨૦૨૬**

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (વર્ષ ૨૦૨૫-૨૬)

## પ્રમુખશ્રી

શ્રી અભેસિંહ તડવી

## સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઇ ખરાડી

@ શ્રી પી. સી. બરંડા

શ્રી મહેશભાઇ ભુરીયા

શ્રી શૈલેષભાઇ ભાભોર

શ્રી કનૈયાલાલ કિશોરી

ડૉ. દર્શના દેશમુખ

શ્રી રીતેશકુમાર વસાવા

શ્રી મોહનભાઈ કોંકણી

@ ડૉ.જયરામભાઇ ગામીત

શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ચેતન પંડ્યા | - | સચિવ |
| શ્રી પાર્થ પ્રજાપતિ | - | સમિતિ સચિવ |
| શ્રી જસ્મીન કાવઠિયા | - | ઉપસચિવ # |
| શ્રી હરેશ પટેલ | - | સેક્શન અધિકારી % |

@ માનનીય સભ્યશ્રી પી. સી. બરંડા અને ડૉ.જયરામભાઇ ગામીતની તા.૧૭/૧૦/૨૦૨૫થી ગુજરાત સરકારમાં માનનીય મંત્રીશ્રી તરીકે નિયુક્તિ થતા સમિતિના સભ્ય તરીકે રહેતા નથી.

# તા.૩૧/૦૮/૨૦૨૫ સુધી %તા.૩૦/૦૯/૨૦૨૫ થી

# અહેવાલ

**હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.**

૨. પાણી પુરવઠા પ્રભાગ હેઠળની અનુસૂચિત જનજાતિઓ માટેની પીવાના પાણી માટેની યોજનાઓ સંબંધમાં મોકલી આપવામાં આવેલ સાહિત્ય સંદર્ભમાં સમિતિએ તા.૦૮/૦૭/૨૦૨૫, તા.૨૨/૦૭/૨૦૨૫, તા.૨૮/૧૦/૨૦૨૫ અને તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજની ચાર બેઠકોમાં વિગતવાર તપાસ હાથ ધરી હતી. ઉપરાંત સમિતિની તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજની બેઠક દરમિયાન સમિતિ દ્વારા માંગવામાં આવેલ વધારાની માહિતી જે પ્રભાગ દ્વારા તા.૧૦/૧૨/૨૦૨૫ના રોજ મોકલી આપવામાં આવેલ તેની પણ સમિતિ દ્વારા તપાસ કરવામાં આવેલ. સમિતિની બેઠકોમાં ઉક્ત તપાસ દરમિયાન પાણી પુરવઠા પ્રભાગના સચિવ, વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇજેશન (વાસ્મો) ના સી.ઇ.ઓ. તેમજ મુખ્ય ઇજનેર સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પાણી પુરવઠા પ્રભાગની ઉક્ત વિષયની તપાસ અન્વયે સમિતિએ તા.૨૬/૧૧/૨૦૨૫ થી તા.૨૯/૧૧/૨૦૨૫ દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાતના આદિજાતિ વિસ્તાર ધરાવતા જિલ્લાઓના અભ્યાસ પ્રવાસ દ્વારા સ્થળ મુલાકાત પણ લીધી હતી.

૩.	સમિતિની તા.૦૮/૦૭/૨૦૨૬ના રોજની બેઠકમાં આદિજાતિની ઘનિષ્ઠ વસતી ધરાવતા ૧૪ (ચૌદ) જિલ્લાઓ પૈકી બનાસકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લાની પાણી પુરવઠા પ્રભાગ હેઠળની વિવિધ યોજનાઓમાં થયેલ કામગીરી સંબંધમાં તપાસ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ તે પૈકી સમિતિએ દાહોદ, છોટાઉદેપુર, નર્મદા અને ભરૂચ જિલ્લાની વિવિધ પાણી પુરવઠા યોજનાઓ અન્વયે તપાસ હાથ ધરેલ.

૪.	સમિતિએ નલ સે જલ યોજના અંતર્ગત છોટા ઉદેપુર જિલ્લાના બાકી રહેલ ગામો માટે પાણીની વ્યવસ્થા સંબંધમાં પૃચ્છા કરતા વાસ્મોના અધિકારીએ જણાવ્યુ હતુ કે 'જલ જીવન મીશન' આવતા પહેલા છોટાઉદેપુર જિલ્લાના ૨૦૨ ગામોમાં સ્વજલ ધારા અને NRDW હેઠળની કામગીરી પૂર્ણ થઇ ગયેલ હોઇ, આવા ગામોને આ યોજના અંતર્ગત આવરી લીધેલ નથી. સમિતિએ ઉક્ત બાબત સંબંધમાં પ્રભાગના/ વાસ્મોના અધિકારીઓને આધારલક્ષી વિગતો આપીને જણાવ્યુ હતુ કે, નર્મદાનું પાણી ગામના સંપ સુધી આવી ગયેલ હોઇ આગળની કામગીરી વાસ્મો દ્વારા કરવાની રહે છે તથા છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ૪૮ જેટલી નર્મદા યોજનાની વસાહતોને પંચાયતને સોંપવાનો સરકારે નિર્ણય કરેલ હોઇ, આ વસાહતોમાં નલ સે જલ યોજના અંતર્ગત પાણી પૂરૂ પાડવા લાગણી વ્યક્ત કરેલ.

૫.	સમિતિની ઉક્ત બેઠકમાં આદિવાસી વિસ્તારની ગ્રામ પંચાયતો ઓ. એન્ડ એમ.(ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ) હેઠળ પંપ લીકેજ રીપેરીંગની, મોટર રીપેરીંગની કામગીરી કરવા કે પગાર વગેરે માટે પૂરતુ ભંડોળ ન હોઇ સમિતિએ પાણી પુરવઠા વિભાગ દ્વારા આ

પ્રકારની નાણાકીય સમસ્યાના ઉકેલ માટે ઉકેલ/ કાળજી લેવાનું જણાવતા, પ્રભાગના સચિવશ્રીએ જણાવ્યુ હતુ  કે હાલની પાણી પુરવઠા યોજનાઓ અન્વયે કરવાની થતી નવી કામગીરી જેવી કે નવા ફળીયા જોડવા, ટાંકી નવેસરથી બનાવવી વગેરે કામગીરી માટેની ગ્રાન્ટ વાસ્મોને બદલે જિલ્લા પંચાયત મારફતે ગ્રામ પંચાયતને આપવા માટેની રજૂઆત/ દરખાસ્ત સરકાર કક્ષાએ કરવામાં આવી છે જેની મંજૂરી મળ્યેથી ઓ. એન્ડ એમ., પગાર, રીપેરીંગ વગેરે જેવા ઘણા બધા પ્રશ્નોનો ઉકેલ આવી જશે. ઉપરાંત વિભાગ દ્વારા ગ્રામપંચાયત માટે  બે ઇન્સેન્ટિવ યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે જેના કારણે પંચાયતને જ સારી એવી રકમ પ્રાપ્ત થશે અને તેના દ્વારા પંપ લીકેજીંગના-રીપેરીંગના, સ્વ ભંડોળ ઓછુ હોવાના પ્રશ્નો દૂર થઇ જશે. ભારત સરકારના સ્વ-સહાય જૂથો (SHG), અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ(PACS)ને નિર્દેશ મુજબ આવા પ્રકારની કામગીરી સાથે સંકળવા માટે પણ એક ઇનસેન્ટિવ યોજના જાહેર કરવામાં આવેલ છે. આમ, **ગ્રામ પંચાયતને પૂરતુ ભંડોળ પ્રાપ્ત થઇ રહે તે માટે સરકારમાં ગ્રાન્ટ સંબંધેની કરેલ રજૂઆત/ દરખાસ્ત અન્વયે મંજૂરી મળ્યા બાદ વિભાગે/ પ્રભાગે આ દિશામાં કરેલ નક્કર કાર્યવાહીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૬. સમિતિની ઉક્ત બેઠકમાં ઝાલોદ તાલુકાની ઝાલોદ નોર્થ, ઝાલોદ સાઉથ અને ગરેડુ જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી મંથર ગતિએ ચાલતી હોવાનુ તેમજ સ્થાનિક અધિકારીઓ/ એજન્સી દ્વારા યોજનાઓ વિશે જરૂરી માહિતી કે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવતુ ન હોવાનું જણાવી સમિતિએ આક્રોશ વ્યક્ત કરેલ કર્યો હતો. ઉપરાંત **યોજનાના ખાતમુહૂર્ત, ઉદ્ઘાટન,**

**ભૂમિ પૂજન કે નવીનીકરણના કાર્યક્રમો દરમિયાન તેમજ યોજના સ્થળ પર અવલોકન અર્થે પ્રભારી મંત્રીશ્રીની મુલાકાત દરમિયાન સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક ધારાસભ્યશ્રીઓને આ અંગેની જાણ કરવામાં આવતી ન હોઇ, ઉક્ત સમગ્ર બાબત સંબંધમાં યોગ્ય પગલાં ભરવા તેમજ આ માટે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવા વિભાગ કક્ષાએથી જરૂરી સુચના આપવા સમિતિ જણાવે છે.**

૭. પુરવઠા વિભાગ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાની ડ્રીમ પ્રોજેક્ટ ગણાતી કુપ્પા જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની સમિતિએ તા.૦૮/૦૭/૨૦૨૫, તા.૨૨/૦૭/૨૦૨૫ અને તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજની બેઠક દરમિયાન વિગતવાર તપાસ હાથ ધરેલ. સમિતિએ ઉક્ત યોજનામાં વિલંબ થવાના કારણો અંગે પૃચ્છા કરતા વિભાગના મુખ્ય ઇજનેર (ઝોન-૧ વડોદરા), મુખ્ય ઇજનેર (GWSSB) અને કાર્યપાલક ઇજનેર (છોટાઉદેપુર)એ જણાવ્યા અનુસાર, અંદાજિત ૯૧.૦૯ કરોડની કુપ્પા જુથ યોજનાને બે વર્ષમાં પૂર્ણ કરવાના આયોજન સાથે વર્ષ ૨૦૨૦માં મંજૂર કરવામાં આવેલ. આ યોજના અંતર્ગત નસવાડી તાલુકાના ૭૧ અને ક્વાંટ તાલુકાના ૨ (બે) ગામો મળીને કુલ ૭૩ ગામનો સમાવેશ કરવામાં આવેલો છે. આજની સ્થિતિએ આ ૭૩ ગામ પૈકી ૨૫ ગામોમાં ટેસ્ટીંગ કરીને પાણી પુરવઠો આપવાનું ચાલુ કરી દેવામાં આવેલ છે બાકી રહેતા ૪૮ ગામો માટે ૯ કી.મી.સુધી પાઇપલાઇન નાખવા માટે વિભાગ દ્વારા એજન્સીને વર્કઓર્ડર પણ આપવામાં આવેલ પરંતુ એજન્સીએ કામ કરવાની ના પાડતા ટેન્ડરની શરતો મુજબ એજન્સીની ડિપોઝીટ જપ્ત કરવામાં

આવેલ ત્યાર બાદ બીજું ટેન્ડર કરીને નવી એજન્સીને વર્ક ઓર્ડર આપી દીધેલ છે એટલે આગામી માર્ચ-એપ્રિલ ૨૦૨૬ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની ખાતરી આપેલ. આમ, **સમિતિ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાની કુપ્પા જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત બાકી રહેલ ગામોને સત્વરે પાણી મળી રહે તે માટે આ યોજના અંતર્ગત કામગીરી પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરી જાણ કરવા ભલામણ કરે છે.** વધુમાં **ચાલુ કામગીરી વચ્ચેથી છોડીને જતી રહેતી, ટેન્ડરની શરતો મુજબના નિયત સમયગાળામાં કામગીરી પૂર્ણ ન કરતી અથવા તો હલકી ગુણવત્તાવાળી કામગીરી કરતી એજન્સીઓ સામે બ્લેકલીસ્ટ કરવા સુધીની સખ્ત કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

૮. સમિતિની તા.૦૮/૦૭/૨૦૨૫ અને તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજની બેઠકોમાં આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠા વિભાગની યોજના હસ્તકના હેન્ડપંપની મરામત (રીપેરીંગ) અંગેની બાબત સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવેલ જેમાં મુખ્યત્વે સમિતિએ હેન્ડપંપ રીપેરીંગ માટેના ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પરથી ફરિયાદ નિવારવા યોગ્ય પ્રતિસાદ નહીં મળતો હોવાની બાબત પરત્વે વિભાગ/ પ્રભાગ મારફત જિલ્લા વહીવટીતંત્રને કડક પગલાં ભરવાની સૂચના આપવા જણાવ્યું હતુ. તા.૨૭/૧૧/૨૦૨૫ના રોજની સમિતિની પોશીના જુથ પાણી પુરવઠા યોજનાની મુલાકાત દરમિયાન પણ હેન્ડપંપ રીપેરીંગ માટેના ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પરથી યોગ્ય પ્રતિસાદ નહીં મળતો હોવાની તેમજ સત્વરે હેન્ડપંપની મરામતની કામગીરી પૂર્ણ કરવા અંગે સમિતિએ સ્થળ પર હાજર અધિકારીશ્રીઓનુ ધ્યાન દોરેલ. સમિતિએ કયા માર્કાના હેન્ડપંપની

મરામત (રીપેરીંગ) કરી આપવા સંદર્ભે પૃચ્છા કરતા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના અધિકારીએ જણાવ્યુ હતુ કે પાણી પુરવઠાની કે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ઇન્ડિયા માર્ક-૨ હેઠળની બનાવટના હેન્ડપંપનું રીપેરીંગ વિભાગ દ્વારા કરી આપવામાં આવે છે પરંતુ તે સિવાયના હેન્ડપંપના પાર્ટ્સની અનઉપલબ્ધતાને કારણે લોકલ બનાવટના હેન્ડપંપનું સમારકામ કરી આપવામાં આવતુ નથી. **આમજનતાને હેન્ડપંપ સમારકામ માટે પડતી મુશ્કેલી નિવારવા પાણી પુરવઠાની કોઇપણ યોજના અંતર્ગત તથા તાલુકા-જિલ્લા પંચાયત/ ધારાસભ્યશ્રી/ પાણી પુરવઠાની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ હેન્ડપંપનુ શારકામ/ સમારકામ વિભાગ/પ્રભાગ દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવીને કરી આપવા તથા હેન્ડપંપ સમારકામની કામગીરી નિયમિત રીતે થાય તે માટે જિલ્લા કક્ષાએથી આ અંગેની યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવા જરૂરી સૂચના આપવા સમિતિ ભલામણ કરે છે.**

૯. સમિતિએ તા.૦૮/૦૭/૨૦૨૫ અને તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજની બેઠકમાં નર્મદા જિલ્લાની વિવિધ જુથ પાણી પુરવઠા યોજનાઓમાં થયેલ કામગીરી સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવેલ જેમાં સમિતિએ નર્મદા જિલ્લાની કેટલીક જુથ પાણી પુરવઠા યોજનાઓમાં પાઇપલાઇનનું કામ બાકી છે, કામ થયુ છે તો તેની ગુણવત્તા સારી ન હોવાની, ટાંકીઓમાં લીકેજ હોવાની, સંપ સુધી પાણી પહોચી ગયા પછીની જે વ્યવસ્થા થવી જોઇએ તે નહી થયેલ હોવાની તથા ગરૂડેશ્વર, ડેડીયાપાડા અને નાંદોદ તાલુકાના કેટલાક ગામોમાં હેન્ડપંપની સુવિધા ન હોવાની બાબતો પરત્વે

વિભાગનું ધ્યાન દોરતા, તે સંદર્ભમાં મુખ્ય ઇજનેરે (GWSSB) જણાવ્યુ હતુ કે, ગરૂડેશ્વર તાલુકાના કુલ ૯૪ ગામો પૈકી ભૌગોલિક પરિસ્થિતિને કારણે જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત સાંકળવાનુ ટેકનીકલી શક્ય થતુ ન હોય તેવા પાંચ ગામો, ડેડીયાપાડા તાલુકાના ૧૯૮ ગામોમાંથી ચાર ગામો માટે સ્થાનિક સોર્સ આધારિત નાની યોજના અથવા ભૂગર્ભજળ આધારિત બોર કે કૂવા કરીને વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સમિતિએ ઉક્ત ત્રણ તાલુકાના ગામો કે જેમાં હેન્ડપંપની વ્યવસ્થા કરી શકાયેલ નથી તે અને ડુંગરાળ પ્રદેશના વિસ્તારમાં છૂટાછવાયા રહેતા આદિવાસી લોકો માટે હેન્ડપંપની વ્યવસ્થા કરીને પાણી પૂરૂ પાડવા આગ્રહ રાખ્યો હતો. આમ, **જે ગામોને જુથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ ટેકનીકલી સાંકળી શકાયા નથી તે ગામો તથા ડુંગરાળ વિસ્તારમાં આવેલ ગામોમાં પાણીના અન્ય સ્ત્રોત જેવા કે નદી/ ડેમના બેક વોટર પ્રવાહનો ઉપયોગ કરીને/ તેની સાથે સાંકળીને અનુક્રમે ભૂગર્ભ જળ આધારિત બોર/ કૂવા કરીને અથવા તો હેન્ડપંપની વ્યવસ્થા દ્વારા પાણી પહોંચાડવાની સઘન કામગીરી કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૦. સમિતિ દ્વારા તા.૦૮/૦૭/૨૦૨૫ અને તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજની બેઠકમાં ભરૂચ જિલ્લાની વિવિધ પાણી પુરવઠા યોજનાઓમાં થયેલ કામગીરી સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવેલ. સમિતિએ ઘણા લાંબા સમયથી ચાલી રહેલ રૂંધ રાજપારડી યોજનાની કામગીરી સંબંધમાં પૃચ્છા કરતા મુખ્ય ઇજનેરે (GWSSB) જણાવ્યુ હતુ કે, જૂની યોજનામાં પાણી ઓછુ મળતુ હોઇ એટલે કે જૂની યોજના 60 LPCD (Litres Per Capita Per Day) આધારિત

હતી જે હવે તેમાં સુધારણા-વધારો કરીને 100 LPCD સુધીની કરવામાં આવી છે એટલે હાલ આ યોજના હેઠળ ૧૧ ગામોને પાણી માટે જે મુશ્કેલી પડી રહી છે તે આ યોજનાની ઓગમેન્ટેશનની કામગીરી પૂર્ણ થતા રહેશે નહીં. વધુમાં તેઓએ સમિતિને આ સુધારણા યોજના જુન-૨૦૨૬માં પૂર્ણ કરવાનુ આયોજન છે તેવું જણાવ્યુ હતુ. સમિતિની નેત્રંગ તાલુકાની પાણી પુરવઠા યોજનાની પૃચ્છાના સંદર્ભમાં મુખ્ય ઇજનેર (વડોદરા ઝોન-૧) એ જણાવ્યુ હતુ કે, નેત્રંગ-વાલિયાના ૩(ત્રણ) પેકેજ પૂરા થઇ ગયા છે એમાં ગામ લેવલ સુધીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને હવે ફળિયા કનેક્ટિવિટીની કામગીરી કરવાની થાય છે. ઉક્ત ચર્ચામાં આગળ મુખ્ય ઇજનેરે (GWSSB) ફળિયા કનેક્ટિવિટીની કામગીરી સંબંધમાં માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ગામના સંપ સુધી જુથ પાણી પુરવઠા યોજનાનું પાણી પાણી પુરવઠા બોર્ડ દ્વારા પહોંચાડવામાં આવે છે ત્યાર બાદ તેને ગામના જુદા-જુદા ફળીયા સાથે જોડવામાં આવે છે અને પછી ફળીયાથી આંતરિક વિતરણ કરીને ઘર સુધી લઇ જવામાં આવે છે. આ આંતરિક વિતરણ પાઇપલાઇન વાસ્મો મારફત પાણી સમિતિ દ્વારા કરવામાં આવે છે. હાલ ઘણા ગામોમાં ફળીયા કનેકટીવીટીની કામગીરી પ્રગતિમાં છે. આમ, **આદિજાતિની ઘનીષ્ઠ વસતી ધરાવતા જિલ્લાઓમાં જે ગામોમાં ફળીયા કનેકટીવીટીની કામગીરી બાકી છે તે સત્વરે પૂર્ણ કરાવી આમજનતાને પાણી પૂરૂ પાડવા તેમજ વર્ષ ૨૦૧૦-૧૧ થી શરૂ થયેલ રૂંઢ રાજપારડી જુથ પાણી પુરવઠા યોજના પ્રભાગે નક્કી કરેલ આયોજનની સમયમર્યાદામાં એટલે કે આગામી વર્ષ ૨૦૨૬માં પૂર્ણ કરી તે અંગે સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૧. સમિતિએ તા.૨૨/૦૭/૨૦૨૫ અને તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજની બેઠકોમાં દાહોદ જિલ્લાની વિવિધ પાણી પુરવઠા યોજનાઓમાં થયેલ કામગીરી સંદર્ભે ચર્ચા કરેલ જે પૈકી પાટા ડુંગરી જુથ પાણી પુરવઠા યોજનાની બાકી કામગીરી સંબંધમાં માહિતી મેળવવામાં આવેલ. કડાણા ડેમ આધારિત યોજનામાં ઉપયોગમાં લેવાયેલ મશીનરીઓ બહુ જુની થઇ ગયેલ હોઇ અને તેને બદલવાની બાબતને પણ ઘણો લાંબો સમય થયો હોય તેમજ હાલ આ અંગેની કામગીરી કયા સ્તર પર છે તે સંબંધે પૃચ્છા કરતા મુખ્ય ઇજનેરશ્રી (વડોદરા ઝોન-૧)એ જણાવ્યુ હતુ કે, નવી મશીનરીનું કામકાજ હાલ ચાલુ છે. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે, પાણી વિતરણ માટેની હાલની જે સિસ્ટમ છે એ ચાલુ રાખવાની સાથે સાથે આ નવી મશીનરી રીપ્લેસ કરવાની કામગીરી કરવાની થતી હોઇ તેમાં તબક્કાવાર આયોજન હાથ ધરેલ છે. ઉપરાંત સમિતિએ ફોર્સથી પાણી નહીં મળતુ હોવા અંગે ઉપસ્થિત અધિકારીઓનું ધ્યાન દોરતા જણાવ્યુ હતુ કે, ઘણી જગ્યાએ લોકો પાણીની લાઇન/ પાઇપોમાં ભંગાણ કરીને, વાલ્વ ખોલીને પાણીની ચોરી કરીને કૂવાઓ/ ખેતરોમાં પાણી લઇ જાય છે, પાણીના ટેન્કરો ભરીને લઇ જાય છે અને પછી વેચી નાખે છે. આમ, પાણીના જથ્થાની ચોરીઓ થતી અટકાવવા આવા ઇસમો સામે પગલાં લેવાનું જણાવતા, GWSSB ના સભ્ય સચિવશ્રીએ જણાવ્યુ હતુ કે, ઉનાળો જેમ નજીક આવે તેમ આવી ચોરીઓ થતી અટકાવવા અલગ-અલગ વિસ્તારોમાં નિયમીત ઝુંબેશ ચલાવવામાં આવે છે તેમજ ચોરી કરતા પકડાય તો એવા ઇસમો સામે કાયદાકીય રાહે પગલાં લેવા માટે કટીબધ્ધ હોવાનુ પણ જણાવેલ. આમ, સમિતિની ઉક્ત બે બેઠકોમાં થયેલ ચર્ચાને ધ્યાને લઇને સમિતિને પાણી

પુરવઠાની યોજનાને નુકશાનકર્તા ઇસમો સામે કડક કાર્યવાહી કરવાનું અત્યંત આવશ્યક જણાયુ હતુ. આથી, **યોજના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ પાઇપ/ વાલ્વ વગેરે સાધન-સામગ્રીને હાનિ પહોંચાડીને પાણીની ચોરી કરતા અને યોજનાનો ગેરલાભ લેતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને વિભાગ/ પ્રભાગ વ્દારા સમયાંતરે તેનુ મોનીટરીંગ રાખવા સમિતિ ભલામણ કરે છે.**

૧૨. સમિતિએ તા.૨૮/૧૧/૨૦૨૫ના રોજ કડાણા બલ્ક પાઇપલાઇન આધારિત ગોઠીબ જુથ પાણી પુરવઠા યોજનાની મુલાકાત લીધેલ. સ્થળ પર હાજર રહેલ વિભાગના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર, જુથ યોજનામાં સમાવેશ ન થયેલ હોય તેવા મહીસાગર જિલ્લાના આદિજાતિ તાલુકા સંતરામપુર અને દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ૧૧ ગામો અને દાહોદ જિલ્લાની હયાત ભાણાસીમલ જુથ પા.પુ.યોજનાના ૧૯ ગામો તથા સંતરામપુર તાલુકાના કડાણા ભાગ-૧/૨ જુથ પાણી પુરવઠા યોજનાના ૩૧ ગામોને ગોઠીબ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળની તમામ કામગીરીઓ પૂર્ણ થયેલ હોય અને યોજના હેઠળના ગામોમાં પાણી પુરવઠો આપવામાં આવતો હોઇ, સમિતિએ આ માટે સંતોષ વ્યક્ત કરેલ. સમિતિની ઉક્ત સ્થળ મુલાકત દરમિયાન સ્થાનિક ધારાસભ્યશ્રીની સમિતિ સાથે થયેલ ચર્ચા દરમિયાન સમિતિના ધ્યાને આવેલ કે, ઉક્ત યોજના અંતર્ગત સંતરામપુર તાલુકાના ૨૯ જેટલા ગામોનો દાહોદ જિલ્લાના ઝાલોદ ડીવીઝનમાં સમાવેશ થયેલ હોઇ, સંતરામપુર તાલુકાના ઉક્ત ૨૯ ગામની રજૂઆતો/ દેખરેખ વગેરે માટે દાહોદ જિલ્લાની કચેરીઓનો સંપર્ક કરવાનો થતો

હોઇ – સંકલનમાં ત્રુટિઓ રહી જાય છે. આથી, **સંકલનમાં સુગમતા રહે અને લોકોની મુશ્કેલીઓ સત્વરે નિવારી શકાય તે માટે ઉક્ત યોજનાનું મોનીટરીંગ જે–તે જિલ્લા/ તાલુકા વાઇઝની કચેરીઓ મારફત કરવા અને સંતરામપુર તાલુકાના ઉક્ત ૨૬ ગામોને ઝાલોદ ડીવીઝનમાંથી ખસેડીને તેને સંતરામપુર ડીવીઝનમાં સમાવવા સમિતિ ભલામણ કરે છે.**

૧૩. સમિતિની તા.૨૮/૧૧/૨૦૨૫ના રોજની ગોઠીબ જુથ પાણી પુરવઠા યોજનાની સ્થળ મુલાકાત દરમિયાન સ્થાનિક ધારાસભ્યશ્રીની સમિતિ સાથે થયેલ ચર્ચા દરમિયાન અન્ય બાબત પણ ધ્યાને આવેલ કે, હાલ પાણીની સગવડ મળતી હોવાને કારણે આદિવાસી લોકોનું સ્થળાંતર થતું અટકયું છે અને તેઓ સ્થાયી થયા છે પરંતુ આદિજાતિ વિસ્તારના લોકો પાણી વેરો ભરવા જેટલી રકમ માટે પણ આર્થિક રીતે મજબૂત ન હોઇ સમિતિએ આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આમ, **આદિજાતિની ઘનીષ્ઠ વસતી ધરાવતા જિલ્લાઓમાં વસતા આદિજાતિના લોકો માટે પાણી વેરો ઘટાડવા કે તેમાંથી મુક્તિ આપવા, આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ સાથે સંકલન કરીને અને બજેટમાં તે અંગેની જોગવાઇ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૪. સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૫ની બેઠકમાં સમિતિને આદિજાતિ રહેણાક વિસ્તાર ઉપરાંત અમીરગઢથી ઉમરગામ સુધીના આદિજાતિ વિસ્તારોમાં આવેલ આશ્રમશાળાઓ, છાત્રાલયોમાં દેખીતી રીતે પાણીનો પ્રમાણમાં વધુ વપરાશ રહેતો હોઇ, ત્યાં પાણીની વિશેષ જરૂરીયાત પૂરી

પાડવાનુ ઉચિત જણાયુ હતુ. આથી, **આદિજાતિ વિસ્તારમાં આવેલ એકલવ્ય મૉડલ શાળાઓ, આશ્રમ શાળાઓ, નંદઘર, છાત્રાલયો, સી.એચ.સી., પી.એચ.સી વગેરે જગ્યાઓ પર પાણીની સુવિધા પૂરી પાડવાની શક્યતાઓનો સરવે કરાવી આવી પ્રાથમિક જગ્યાઓ પર પાણી પૂરૂ પાડવા માટે આ દિશામાં નક્કર આયોજન હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૫. સમિતિએ આ અહેવાલ ઉપર તેની તા.૧૮/03/૨૦૨૬ ની બેઠકમાં ચર્ચા વિચારણા કરી તેને સર્વાનુમતે મંજૂર કર્યો હતો.

૧૬. સમિતિની તપાસ દરમિયાન નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ના સચિવ, વાસ્મોના સી.ઇ.ઓ., મુખ્ય ઇજનેર સહિત અન્ય અધિકારીઓનો, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી માહિતી આપવા અને સાથ-સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૧૭. સમિતિને મદદરૂપ થવા બદલ ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/ કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

**ગાંધીનગર**

**તા.૧૮/03/૨૦૨૬**

**અભેસિંહ તડવી,**

**પ્રમુખ,**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ**

# સમિતિની ભલામણો

| અનુ. નં. | ફકરા ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૫ | ગ્રામ પંચાયતને પુરતુ ભંડોળ પ્રાપ્ત થઇ રહે તે માટે સરકારમાં ગ્રાન્ટ સંબંધેની કરેલ રજૂઆત/ દરખાસ્ત અન્વયે મંજૂરી મળ્યા બાદ વિભાગે/ પ્રભાગે આ દિશામાં કરેલ નક્કર કાર્યવાહીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૬ | યોજનાના ખાતમુહૂર્ત, ઉદ્‌ઘાટન, ભૂમિ પૂજન કે નવીનીકરણના કાર્યક્રમો દરમિયાન તેમજ યોજના સ્થળ પર અવલોકન અર્થે પ્રભારી મંત્રીશ્રીની મુલાકાત દરમિયાન સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક ધારાસભ્યશ્રીઓને આ અંગેની જાણ કરવામાં આવતી ન હોઇ, ઉક્ત સમગ્ર બાબત સંબંધમાં યોગ્ય પગલાં ભરવા તેમજ આ માટે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવા વિભાગ કક્ષાએથી જરૂરી સુચના આપવા સમિતિ જણાવે છે. |
| ૩ | ૭ | સમિતિ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાની કુપ્પા જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત બાકી રહેલ ગામોને સત્વરે પાણી મળી રહે તે માટે આ યોજના અંતર્ગત કામગીરી પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરી જાણ કરવા ભલામણ કરે છે. |
| ૪ | | ચાલુ કામગીરી વચ્ચેથી છોડીને જતી રહેતી, ટેન્ડરની શરતો મુજબના નિયત સમયગાળામાં કામગીરી પૂર્ણ ન કરતી અથવા તો હલકી ગુણવત્તાવાળી કામગીરી કરતી એજન્સીઓ સામે બ્લેકલીસ્ટ કરવા સુધીની સખ્ત કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૫ | ૮ | આમજનતાને હેન્ડપંપ સમારકામ માટે પડતી મુશ્કેલી નિવારવા પાણી પુરવઠાની કોઇપણ યોજના અંતર્ગત તથા તાલુકા-જિલ્લા પંચાયત/ ધારાસભ્યશ્રી/ પાણી પુરવઠાની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ હેન્ડપંપનુ શારકામ/ સમારકામ વિભાગ/પ્રભાગ દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવીને કરી આપવા તથા હેન્ડપંપ સમારકામની કામગીરી નિયમિત રીતે થાય તે માટે જિલ્લા કક્ષાએથી આ અંગેની યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૯ | જે ગામોને જુથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ ટેકનીકલી સાંકળી શકાયા નથી તે ગામો તથા ડુંગરાળ વિસ્તારમાં આવેલ ગામોમાં પાણીના અન્ય સ્ત્રોત જેવા કે નદી/ ડેમના બેક વોટર પ્રવાહનો ઉપયોગ કરીને/ તેની સાથે સાંકળીને અનુક્રમે ભૂગર્ભ જળ આધારિત બોર/ કૂવા કરીને અથવા તો હેન્ડપંપની વ્યવસ્થા દ્વારા પાણી પહોંચાડવાની સઘન કામગીરી કરવા સમિતિ ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| ૭ | ૧૦ | આદિજાતિની ઘનીષ્ઠ વસતી ધરાવતા જિલ્લાઓમાં જે ગામોમાં ફળીયા કનેકટીવીટીની કામગીરી બાકી છે તે સત્વરે પૂર્ણ કરાવી આમજનતાને પાણી પૂરૂ પાડવા તેમજ વર્ષ ૨૦૧૦-૧૧ થી શરૂ થયેલ રૂંઢ રાજપારડી જુથ પાણી પુરવઠા યોજના પ્રભાગે નક્કી કરેલ આયોજનની સમયમર્યાદામાં એટલે કે આગામી વર્ષ ૨૦૨૬માં પૂર્ણ કરી તે અંગે સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૮ | ૧૧ | યોજના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ પાઇપ/ વાલ્વ વગેરે સાધન-સામગ્રીને હાનિ પહોંચાડીને પાણીની ચોરી કરતા અને યોજનાનો ગેરલાભ લેતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને વિભાગ/ પ્રભાગ દ્વારા સમયાંતરે તેનુ મોનીટરીંગ રાખવા સમિતિ ભલામણ કરે છે. |
| ૯ | ૧૨ | સંકલનમાં સુગમતા રહે અને લોકોની મુશ્કેલીઓ સત્વરે નિવારી શકાય તે માટે ઉક્ત યોજનાનું મોનીટરીંગ જે-તે જિલ્લા/ તાલુકા વાઇઝની કચેરીઓ મારફત કરવા અને સંતરામપુર તાલુકાના ઉક્ત ૨૬ ગામોને ઝાલોદ ડીવીઝનમાંથી ખસેડીને તેને સંતરામપુર ડીવીઝનમાં સમાવવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૦ | ૧૩ | આદિજાતિની ઘનીષ્ઠ વસતી ધરાવતા જિલ્લાઓમાં વસતા આદિજાતિના લોકો માટે પાણી વેરો ઘટાડવા કે તેમાંથી મુક્તિ આપવા, આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ સાથે સંકલન કરીને અને બજેટમાં તે અંગેની જોગવાઇ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૧ | ૧૪ | આદિજાતિ વિસ્તારમાં આવેલ એકલવ્ય મોડલ શાળાઓ, આશ્રમ શાળાઓ, નંદઘર, છાત્રાલયો, સી.એચ.સી., પી.એચ.સી વગેરે જગ્યાઓ પર પાણીની સુવિધા પૂરી પાડવાની શક્યતાઓનો સરવે કરાવી આવી પ્રાથમિક જગ્યાઓ પર પાણી પૂરૂ પાડવા માટે આ દિશામાં નક્કર આયોજન હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે. |

-----------